# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[Gujarat Public Universities Act No. 15/2023]


**Ref.No.BKNMU/Recruitment Cell/259/2026** **Date : 15/10/2026**

## NOTICE

**વિષય : જાહેરાત ક્રમાંક BKNMU/8/2026 અન્વયે લાઈબ્રેરીયનની જગ્યા માટેની ઓનલાઈન અરજી પ્રક્રિયામાં સુધારો તથા તારીખ લંબાવવા બાબત.**

આથી લાઈબ્રેરીયનની જગ્યા માટે અરજી કરનાર તથા અરજી કરવા ઇચ્છુક તમામ ઉમેદવારોને જણાવવામાં આવે છે કે, યુનિવર્સિટી દ્વારા જાહેરાત ક્રમાંક BKNMU/8/2026 અન્વયે લાઈબ્રેરીયનની જગ્યા માટે તા. ૨૫/૦૯/૨૦૨૬ થી તા. ૧૬/૧૦/૨૦૨૬ સુધી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવેલ હતી. સદર જગ્યા **ટીચિંગ-કમ-એકેડેમિક સંવર્ગની** છે, પરંતુ ટેકનિકલ કારણોસર રીક્રુટમેન્ટ પોર્ટલ પર આ જાહેરાત નોન-ટીચિંગ ફોરમેટ માં મંગાવવામાં આવેલ હતી. આ ક્ષતિ સુધારવા માટે નીચે મુજબના સુધારા ધ્યાને લઇ આ જગ્યા માટે ઓનલાઈન અરજી મંગાવવાની તારીખ લંબાવવામાં આવે છે.

1. રીક્રુટમેન્ટ પોર્ટલ પર લાઈબ્રેરીયનની જગ્યા માટે હવે "Librarian_Teaching Cum Academic Post" નામે અલગ ટેબ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. ઉમેદવારોએ આ ટેબ હેઠળ જ અરજી કરવાની રહેશે.
2. ઓનલાઈન અરજી તથા હાર્ડ-કોપી જમા કરાવવાની છેલ્લી તારીખ નીચે મુજબ લંબાવવામાં આવે છે:

| ક્રમ | વિગત | જાહેરાત ક્રમાંક BKNMU/8/2026 મુજબ છેલ્લી તારીખ | સુધારેલ છેલ્લી તારીખ |
|---|---|---|---|
| ૧ | ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ | ૧૬/૧૦/૨૦૨૬ | **૨૨/૧૦/૨૦૨૬** |
| ૨ | જરૂરી દસ્તાવેજો સાથે અરજીની હાર્ડ-કોપી યુનિવર્સિટી ખાતે પહોંચાડવાની છેલ્લી તારીખ | ૨૧/૧૦/૨૦૨૬ | **૨૭/૧૦/૨૦૨૬** |

3. જે ઉમેદવારોએ અગાઉ ઓનલાઈન અરજી જમા કરાવેલ છે, તેઓએ નવા ટેબ "Librarian_Teaching Cum Academic Post" હેઠળ ફરીથી ઓનલાઈન અરજી કરવાની રહેશે.
4. નોન-ટીચિંગ ફોરમેટમાં અગાઉ કરેલ અરજી માન્ય રહેશે નહીં જેની દરેક ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.
5. જે ઉમેદવારોએ અગાઉ અરજી કરેલ નથી તેવા ઉમેદવારોએ નિયત ફી ભરીને નવા ફોરમેટમાં અરજી કરવાની રહેશે. નવી અરજી કરનાર ઉમેદવારોએ બે (૦૨) નકલમાં અરજી યુનિવર્સિટી ખાતે નિયત સમયમર્યાદામાં જમા કરાવવાની રહેશે.


સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

: www.bknmu.edu.in || : recruitment@bknmu.edu.in

6. જે ઉમેદવારોએ અરજીની હાર્ડ-કોપી યુનિવર્સિટી ખાતે મોકલી આપેલ છે, તેઓએ નવી ઓનલાઈન અરજીની પ્રિન્ટ સહિત સંપૂર્ણ અરજી જરૂરી દસ્તાવેજો સાથે (એક નકલમાં) ફરીથી તા. ૨૭/૧૦/૨૦૨૬ સુધીમાં મોકલી આપવાની રહેશે.
7. જે ઉમેદવારોએ અગાઉ અરજી ફી ભરી દીધેલ છે તેવા ઉમેદવારોએ ફરીથી ફી ભરવાની રહેશે નહીં. ઉમેદવારોએ અગાઉ ભરેલ ફીની રસીદ/ટ્રાન્ઝેક્શન વિગતો સાચવી રાખવાની રહેશે.
8. જાહેરાત ક્રમાંક BKNMU/8/2026 ની અન્ય તમામ શરતો, લાયકાત તથા સૂચનાઓ યથાવત્ રહેશે.

ઉક્ત સુધારા તથા અરજી કરવાની તારીખ વધારા અંગે અગાઉ અરજી કરનાર ઉમેદવારોને તેમના નોંધાયેલ ઇમેલ સરનામે વ્યક્તિગત જાણ પણ કરવામાં આવશે. ઉમેદવારોએ વધુ વિગતો તથા અપડેટ્સ માટે યુનિવર્સિટીની વેબસાઇટ નિયમિત જોતા રહેવા વિનંતી.

15/10/2026

ચેરમેન
રિક્રુટમેન્ટ સેલ
બીકેએનએમયુ, જૂનાગઢ

__નકલ રવાના:__

- માન. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.
- આઈ.ટી. વિભાગ – વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા અર્થે.
- સંબંધિત ઉમેદવારો.

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

: www.bknmu.edu.in || : recruitment@bknmu.edu.in